વલસાડમાં વાહનચાલકો અટવાયા, શાળાના બાળકો જીવના જોખમે રસ્તો પસાર કરવા મજબૂર

વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

મોગરાવાડી અને અબ્રામામાં પણ જળબંબોળની સ્થિતિ, ૪૦ ગામો સંપર્કવિહોણા

દર વર્ષની આ વિકટ સમસ્યાનો કાયમી નિકાલ ન આવતાં સ્થાનિકોમાં ભારે રોષ

ગરનાળાઓ જળમગ્ન થતાં મુસાફરોને ૧૦ કિમીનો ચકરાવો ખાવાની ફરજ પડી

વલસાડ જિલ્લાનો 24 કલાકનો વરસાદ

પારડી	5.35 ઈંચ
વલસાડ	4.76 ઈંચ
ઉમરગામ	3.82 ઈંચ
વાપી	2.91 ઈંચ
ધરમપુર	2.68 ઈંચ
નાનાપોંઢા	2.48 ઈંચ
કપરાડા	2.01 ઈંચ

વલસાડ : વલસાડ શહેર અને આસપાસના વિસ્તારોમાં પડેલા મુશળધાર વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. ચોમાસાની શરૂઆતમાં જ ધોધમાર વરસાદ વરસી પડતાં નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય ગરનાળાઓમાં મોટા પ્રમાણમાં પાણી ભરાઈ જવાની ગંભીર સમસ્યા સર્જાઈ છે. વલસાડ જિલ્લામાં આજે પારડીમાં 5.35 ઈંચ, વલસાડ 4.76 ઈંચ, ઉમરગામ 3.82 ઈંચ, વાપી 2.91 ઈંચ, ધરમપુર 2.68 ઈંચ, નાનાપોંઢા 2.48 ઈંચ અને કપરાડા 2.01 ઈંચ વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના પગલે છીપવાડ ગરનાળું બંધ થતાં ૪૦ ગામો સંપર્કવિહોણા જેવા બન્યા હતાં. વલસાડના અતિ મહત્વપૂર્ણ એવા છીપવાડ ગરનાળામાં વરસાદી પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હતો. આ ગરનાળું આસપાસના ૪૦ જેટલા ગામોને વલસાડ શહેર સાથે જોડતી મુખ્ય કડી છે. ગરનાળું જળમગ્ન થઈ જતાં ગ્રામજનો અને નોકરિયાત વર્ગને પોતાના ગંતવ્ય સ્થાને પહોંચવા માટે ૧૦ કિલોમીટર જેટલો લાંબો અને ત્રાસદાયક ચકરાવો મારવાની ફરજ પડી હતી. છીપવાડ ઉપરાંત વલસાડના મોગરાવાડી સ્થિત ગરનાળામાં પણ ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતાં. જેના કારણે અનેક વાહનો બંધ પડી જતાં વાહનચાલકો અટવાયા હતાં. બીજી તરફ, વલસાડના અબ્રામા વિસ્તારમાં આવેલી સરસ્વતી સ્કૂલ પાસેના મુખ્ય રસ્તા પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. શાળાએ જતા નાના બાળકો, વાલીઓ અને સ્થાનિક રહીશોને જીવના જોખમે રસ્તો પસાર કરવો પડ્યો હતો.

દર વર્ષે ચોમાસામાં સર્જાતી આ વિકટ પરિસ્થિતિ અંગે સ્થાનિક તંત્ર દ્વારા કોઈ કાયમી નિકાલ ન લાવવામાં આવતાં લોકોમાં ભારે રોષ અને અસંતોષની લાગણી જોવા મળી રહી છે.

ચીખલીની નદીઓમાં પૂરની સ્થિતિ

ભારે વરસાદથી ડાંગરની રોપણીને વેગ મળ્યો; હાઈવેના સર્વિસ રોડ પર પાણી ભરાતાં અને વિઝિબિલિટી ઘટતાં વાહનચાલકો મુશ્કેલીમાં

ધર્મેશ પટેલ

ધેજ : ચીખલી તાલુકામાં છેલ્લા ચોવીસ કલાકમાં ૪.૨૮ જેટલા ભારે વરસાદને પગલે જનજીવનને અસર થવા પામી છે. તાલુકામાંથી પસાર થતી અંબિકા, કાવેરી અને ખરેરા સહિતની લોકમાતાઓમાં પૂરની સ્થિતિ સર્જાવા પામી છે. તાલુકામાં પડી રહેલા વરસાદને પગલે ખેડૂતોની ડાંગરની રોપણીને વેગ મળવા પામ્યો છે.

તાલુકામાં ગત રાત્રિ દરમિયાન અને આજે દિવસભર સારા વરસાદને પગલે ખેતી પાકોને રાહત થવા પામી છે. તાલુકામાં ગતરોજ સાંજથી જ વરસાદનું જોર વધ્યું હતું અને રાત્રિ દરમિયાન પણ ધીમી ગતિએ વરસાદ ચાલુ જ રહ્યો હતો. આ ઉપરાંત વહેલી સવારે પણ સૂરજદાદાના દર્શન દુર્લભ થવા સાથે દિવસભર ઘનઘોર વાતાવરણ વચ્ચે મેઘ મહેર યથાવત રહી હતી અને વિઝિબિલિટી ઘટતા વાહન ચાલકોએ ધોળા દિવસે પણ હેડ લાઈટ ચાલુ કરીને વાહન હંકારવાની નોબત આવી હતી. સારા વરસાદને પગલે નેશનલ હાઈવેના સર્વિસ રોડ ઉપર અનેક જગ્યાએ પાણી ભરાતા વાહન ચાલકોને મુશ્કેલી વેઠવી પડી હતી.

તાલુકામાં સારા વરસાદથી ડાંગરની રોપણી સહિતના ખેતીકામોને વેગ મળ્યો હતો. તાલુકામાં અને ઉપરવાસમાં નોંધપાત્ર વરસાદને પગલે અંબિકા, કાવેરી, ખરેરા સહિતની લોકમાતાઓ અને સ્થાનિક કોતરો બે કાંઠે વહેવા સાથે પૂરની સ્થિતિ સર્જાઈ હતી. તાલુકામાં સાંજે છ વાગ્યે પૂરા થતા ચોવીસ કલાકમાં ૪.૨૮ ઈંચ સાથે સીઝનનો કુલ વરસાદ ૪૬.૨૮ ઈંચ થવા પામ્યો છે.

ખેરગામમાં ૨ કલાકમાં ૨ ઇંચ, 24 કલાકમાં ૪.૫૬ ઇંચ વરસાદ

નાંધઈ ગરગડીયા અને ચીમનપાડા મરગમાળ રોડનો લો લેવલ બ્રિજ પાણીમાં ગરકાવ

ખેરગામ : ખેરગામ તાલુકામાં રવિવારના રોજ સાંજે ચાર વાગ્યેથી સોમવારના રોજ સાંજે ચાર વાગ્યા સુધીમાં ૧૧૪ મીમી (૪.૫૬ ઇંચ) અને સિઝનનો કુલ ૩૮.૯૬ ઈંચ જેટલો થયો છે. તાલુકામાં ૨ વાગ્યાથી સાંજે ૪ :૦૦ વાગ્યા સુધીના ૨ કલાકમાં જ ૪૯ મીમી ૨ ઇંચ વરસાદ નોંધાયો છે. આજે દિવસ દરમિયાન સવારે છ વાગ્યેથી સાંજે ચાર વાગ્યા સુધીમાં જ ૪ ઇંચ વરસાદ થયો છે. જેના પગલે તાલુકાના ૨ જેટલા માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. તેમાં પણ ઔરંગા નદીના નાંધઈ ગરગડીયા અને ચીમનપાડા મરગમાળ રોડનો લો લેવલ બ્રિજ ચાલુ સીઝને બીજીવાર પાણીમાં ગરકાવ થતા ખેરગામ તાલુકા અને વલસાડ તાલુકા વચ્ચેનો વાહનવ્યવહાર બંધ થતા વાહનચાલકોએ ધરમપુર તેને લાંબો ચકરાવા લઈ પોતાની મંજિલે પહોંચવાની નોબત આવી છે.

કોઝવે ઓવર ટોપિંગ થતાં જિલ્લાના 15 માર્ગો બંધ કરાયા

જોગવેલ નજીક ટ્રક ખોટકાતા ટ્રાફિક જામ સર્જાયો

વલસાડ : વલસાડ જિલ્લામાં સોમવારે ધોધમાર વરસાદને લઈ એક તરફ ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે તો બીજી તરફ વરસાદને લઈ પારડી-નાનાપોંઢા હાઈવે નંબર 848 પર સોંઢલવાડા તળાવ પાસે એક વિશાળ વડનું ઝાડ રસ્તા પર ધરાશાયી થવાને કારણે એક તરફનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે થંભી ગયો હતો. આ અણધારી ઘટનાથી સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં અસુવિધા ઊભી થઈ હતી. જોકે તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી ધરાશાઈ થયેલા વડની ડાળીઓને કાપી માર્ગને ખુલ્લો કર્યો હતો. એજ રીતે નાનાપોંઢા નાસિક માર્ગ ઉપર જોગવેલ ત્રણ રસ્તા નજીક એક ટ્રક માર્ગ વચ્ચે ખોટકાતા આ માર્ગ પરનો વાહનવ્યવહાર થંભી ગયો હતો. માત્ર બાઇક જ જઈ શકતી હતી. જેના પગલે વાહનચાલકોએ નાનાપોંઢા વાયા વારોલી થઈ ફેરો ફરી કપરાડા પહોંચવાની ફરજ પડી હતી. જોકે ત્યાં પણ વાહનોની કતારો જોવા મળી હતી. ઉપરાંત તંત્ર દ્વારા કોઝવે ઓવર ટોપિંગ થવાને લઈ તકેદારીના ભાગરૂપે જિલ્લાના 15 માર્ગોને બંધ કરાયા હતાં. જેમાં પારડી તાલુકામાં 7, નાનાપોંઢા તાલુકામાં 1, ઉમરગામ તાલુકામાં 1 અને વલસાડ તાલુકામાં 7 માર્ગોનો સમાવેશ થાય છે.

દમણમાં 2.25 ઇંચ વરસાદ નોંધાયો

દમણ : સંઘપ્રદેશ દમણમાં વરસાદની હેલી યથાવત રહેવા પામી છે. પ્રદેશમાં સતત ધીમી ધારે વરસી રહેલા વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં હિલ સ્ટેશન જેવો માહોલ થઈ જવા પામ્યો છે. આ તરફ વરસેલા વરસાદના કારણે નાની મોટી શેરી અને મહોલ્લાના રસ્તા પર પાણી ફરી વળતા લોકોના હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. વરસી રહેલા વરસાદના કારણે ધરતીપૂત્રોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે દમણમાં 24 કલાક દરમ્યાન 2.25 ઈંચ જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે. જ્યારે સોમવારે સવારે 8 થી સાંજે 5 વાગ્યા સુધીમાં 1.95 ઈંચ વરસાદ વરસ્યો છે.

અમૃત પટેલ

પારડીના સોંઢલવાડામાં વડનું વિશાળ ઝાડ ધરાશાયી

પારડી : પારડી તાલુકામાં પડી રહેલા અવિરત વરસાદ વચ્ચે પારડીના સોંઢલવાડા ત્રણ રસ્તા પાસે વૃક્ષ ધરાશાયી થયું હતું. ચોમાસાની ઋતુ અને ભારે પવન સાથે વરસી રહેલા વરસાદને કારણે અહીં આવેલું એક વર્ષો જૂનું વડનું વિશાળ ઝાડ અચાનક રોડ પર ધરાશાયી થતા મુખ્ય માર્ગ પરનો વાહનવ્યવહાર આંશિક રીતે પ્રભાવિત થયો હતો. જોકે, રસ્તાની સાઈડ પરથી અવરજવર ચાલુ રહેતા મોટો ટ્રાફિક જામ સર્જાયો ન હતો. બાદમાં વૃક્ષને કાપી સાઈડમાં કરી માર્ગને ખુલ્લો કરવામાં આવ્યો હતો. જો કે સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી.

ડિજિટલ ધરપકડનો ડર બતાવી મહિલા પાસેથી 92,500 પડાવ્યા

'ક્રોમ બ્રાઉઝર પર અશ્લીલ વિડીયો જોવે છે' તેમ કહી નકલી સાયબર અધિકારીએ મહિલાને ડરાવી

વાંસદા : વાંસદાના રાણી ફળિયા ગામની એક મહિલાને સાઈબર ક્રાઈમ વિભાગના અધિકારી તરીકે ઓળખ આપી, મોબાઈલમાં Chrome Browser પર અશ્લીલ વિડીયો જોવાનો આરોપ મૂકી ડરાવી-ધમકાવી સમાધાનના બહાને રૂપિયા 92,500 ઓનલાઈન ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરવામાં આવી છે

રાણી ફળિયાની મહિલા સરકારી નોકરી કરે છે, તેના મોબાઈલ પર ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાનું નામ અજીત મલ્હોત્રા જણાવી, પોતે સાઈબર ક્રાઈમ વિભાગમાંથી બોલતો હોવાનું કહી મહિલાને જણાવ્યું કે તેના મોબાઈલમાં Chrome Browser પર વિવિધ લિંક ખોલી અશ્લીલ વિડીયો જોવામાં આવ્યા છે અને તે અંગે ફરિયાદ કરવામાં આવી હોવાથી પોલીસ ગમે ત્યારે તેની ધરપકડ કરી શકે છે. ત્યારબાદ અન્ય એક મોબાઈલ નંબર પરથી મહિલાને WhatsApp કોલ આવ્યો હતો. કોલ કરનારે સમાધાન તથા માફી પત્રની પ્રક્રિયાના બહાને મહિલાનો વિશ્વાસ જીતી, ટ્રાન્સફર કરેલી રકમ પરત મળી જશે તેવી ખાતરી આપી હતી. આ રીતે મહિલા પાસેથી પ્રથમ રૂપિયા 2,000 અને ત્યારબાદ રૂપિયા 90,500 મળી કુલ રૂપિયા 92,500 એક UPI આઈડીમાં ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લેવામાં આવ્યા હતા. બાદમાં મહિલાને છેતરપિંડી થઈ હોવાનું જણાતા તેણે બંને મોબાઈલ નંબરના ધારકો તથા સંબંધિત UPI આઈડી ધારક સામે વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

સર્પગંગા તળાવમાં ધુમ્મસ અને 'ઝીરો વિઝિબિલિટી' છતાં બેરોકટોક બોટિંગ ચાલુ

સાપુતારામાં હોનારતને આમંત્રણ

સુરક્ષા વ્યવસ્થાના નામે મીંડું અને અપૂરતો સ્ટાફ

સામેથી આવતી બોટ પણ ન દેખાય તેવું ધૂંધળું વાતાવરણ, તંત્રની ઘોર બેદરકારી સામે સ્થાનિકોમાં ભારે રોષ

ગિરીશ ભોયે

સાપુતારા : ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારામાં પ્રવાસીઓની સુરક્ષાને લઈને ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. સાપુતારાના મુખ્ય આકર્ષણ સમાન સર્પગંગા તળાવમાં હાલમાં પ્રવર્તી રહેલા અતિશય ગાઢ ધુમ્મસ અને 'ઝીરો વિઝિબિલિટી' (નજીકનું પણ ન દેખાવું) જેવી જોખમી પરિસ્થિતિ હોવા છતાં, નિયમોને નેવે મૂકીને બેરોકટોક બોટિંગ ચાલુ રાખવામાં આવ્યું છે. વાતાવરણ એટલું ધૂંધળુ છે કે સામેથી આવતી અન્ય બોટ પણ જોઈ શકાતી નથી, તેમ છતાં તળાવમાં બોટોની ભારે ભીડ જોવા મળી રહી છે, જે કોઈપણ મોટી હોનારતને ખુલ્લું આમંત્રણ આપી રહી છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, અહીં સુરક્ષા વ્યવસ્થાના નામે મીંડું છે. તળાવમાં દોડતી બોટોની સંખ્યાની સરખામણીએ ત્યાં તૈનાત કરવામાં આવેલો સુરક્ષા સ્ટાફ ખૂબ જ ઓછો છે. જો આવી કપરી પરિસ્થિતિમાં કોઈ દુર્ઘટના સર્જાય અથવા બોટો પરસ્પર અથડાય, તો પ્રવાસીઓનો બચાવ કોણ કરશે અને આ માટે જવાબદાર કોણ રહેશે? તે એક મોટો સવાલ છે. નિર્દોષ પ્રવાસીઓના જીવ જોખમમાં મૂકાઈ રહ્યા હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા આ ગંભીર બેદરકારી સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે, જેના કારણે સ્થાનિકો અને જાગૃત નાગરિકોમાં તંત્રની નબળી કામગીરી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભૂતકાળની મોટી હોનારતોમાંથી પાઠ ભણવાના બદલે તંત્ર હજુ પણ કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોઈને બેઠું હોય તેવું લાગી રહ્યું છે. સ્થાનિક રહીશો અને પ્રવાસી હિતરક્ષકો માંગ કરી રહ્યા છે કે, કોઈ મોટી જાનહાનિ થાય તે પહેલાં જ વહીવટી તંત્ર સફાળું જાગે અને ધુમ્મસભર્યા વાતાવરણમાં બોટિંગ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવા સહિતના કડક સુરક્ષા પગલાં ભરવાની માંગ ઉઠી છે.

વીરવાડીમાં વીજ કરંટથી 60 વર્ષીય ખેતમજૂરનું મોત

નવસારીઃ નવસારી તાલુકાના વીરવાડી ગામમાં રવિવારે બનેલી એક કરૂણ દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ સર્જ્યો છે. પોતાના બકરાં માટે ખેતરમાં ઘાસ કાપી રહેલા 60 વર્ષીય ખેતમજૂરને અચાનક વીજ કરંટ લાગતા તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

વીરવાડી ગામના હળપતીવાસ વિસ્તારમાં આવેલા અરવિંદભાઈ પટેલના ખેતરમાં ધીરૂભાઈ છગનભાઈ હળપતિ (ઉ.વ. 60) રોજિંદા કામકાજ દરમિયાન બકરાં માટે ઘાસ કાપી રહ્યા હતા. તે દરમિયાન કોઈ કારણસર વીજ કરંટની ઝપેટમાં આવી જતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આસપાસના લોકો મદદે દોડી આવ્યા છતાં તેમનું અવસાન થયું હતું. ઘટનાની જાણ મૃતકના પુત્ર સુમનભાઈ ધીરૂભાઈ હળપતિએ નવસારી રૂરલ પોલીસને કરતા પોલીસે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટના મોજે **સચીન**ના રે. સર્વે નં. **૫૦૩, ૫૦૪, ૫૦૫**, જેનો બ્લોક નં. **૪૨૩** થી નોંધાયેલી બીનખેતીની જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.: ૪૦** વાળી મીલકત, જેનું ક્ષેત્રફળ **૫૨.૫૫ ચો.મી.** છે તે ખુલ્લા પ્લોટવાળી જમીન **સરફરાજ અહમદ સઈદભાઈ શેખ**ની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલ તથા **પ્લોટ નં.: ૪૧** વાળી મીલકત, જેનું ક્ષેત્રફળ **૫૨.૫૫ ચો.મી.** છે તે ખુલ્લા પ્લોટવાળી જમીન **સૈયદ ફીરોજ ફકીર**ની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી તેમજ સદરહુ જમીન કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થામાં ગીરો કે મોર્ગેજમાં મુકેલ નથી કે સદરહુ જમીન ઉપર કોઈ લીયન કે કરજ ઉભુ કરેલ નથી કે આજદિન સુધી સદરહુ જમીન કોર્ટ કોર્ટની જપ્તી, ટાંચ કે મનાઈમાં નથી કે તે અંગે કોઈપણ નોટીસ બજેલ નથી કે મજકુર જમીન દીવાની કે રેવન્યુ અદાલતના કોઈ પ્રકરણમાં સંડોવાયેલી નથી કે તે કોઈ કોર્ટ કચેરીના પ્રકરણમાં દાવાનો વિષય નથી કે સદરહુ જમીન અંગે કોઈપણ વ્યકિત, સંસ્થાને સાટાખત, વીલ, બક્ષીસ કે એવા કોઈપણ પ્રકારના વેચાણને લગતાં લખાણો આજદીન સુધી કરી આપેલ નથી. ટુંકમા સદરહુ જમીન સંપુર્ણ ટાઈટલ કલીયર છે તેવુ જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે તેમ છતાં સદરહુ જમીન ઉપર કોઈપણ બેંક, સંસ્થા, વ્યકિત, વારસદારો યા હરકોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, બોજો, દરદાવો, સાટાખત, બાનાખત હોય તો તેમણે **દિન-૭** માં હમોને લેખિત પુરાવા સહિત રૂબરૂ મળવુ. મુદત વિત્યે કોઈના કોઈપણ જાતના હકકો નથી અને જો હોય તો તે છોડી દીધા યાને વેવ કરેલ છે તેમ ગણી અમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજીસ્ટ્રેયાણ દસ્તાવેજ/લખાણ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળઃ સુરત, તા.૨૦/૦૭/૨૦૨૬
ઓફીસ : ૪૨૧/એ, સ્કવેર વન કોમર્શીયલ, અલથાણ ભીમરાડ કેનાલ રોડ, અલથાણ, સુરત. મો.૯૯૦૯૮ ૯૬૯૭૦ / ૭૭૨૭૩ ૮૬૬૮૭

સની એ. કદમ
મહેશ આર. મોરે
તે ખરીદનારના એડવોકેટસ

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ તાલુકા બારડોલી, મોજે બમરોલી ના બ્લોક/સર્વે નં. ૧૩૮ વાળી જુની શરતની ખેડખાતાની જમીન મધુબેન રમેશભાઈ દેસાઈ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૬૮૬ તા. ૧૯/૬/૨૦૦૬ થી માલીક, મુખત્યાર તથા કબજેદાર થયેલા છે. અને તેની રૂએ તેમનો સદરહુ જમીનનો એકલીનો સ્વતંત્ર માલીકી હકક અને પ્રત્યક્ષ કબજો ભોગવટો ચાલી આવેલ છે અને તે જમીનના અનુસંધાને તેઓએ હમારી પાસે ટાઈટલ રીપોર્ટની માંગણી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં જો કોઈનો કોઈપણ જાતનો હકક, હિસ્સો કે લાગભાગ કે અન્ય કોઈપણ જાતના હકકો હોય તો તે અંગેના પુરાવા સહિત હમો નીચે સહી કરનારને દિન-૧૦ માં મોકલી આપવા. ત્યારબાદ, કોઈના કોઈપણ જાતના હકક, હિસ્સા કે લાગભાગ નથી અને જે કાંઈ હતા તે જતા કરેલા છે તેમ માની મધુબેન રમેશભાઈ દેસાઈને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તરતકરાર ચાલશે નહીં. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓઃ ૭૧, ઈશ્વરનગર સોસાયટી, ઉધના મગદલ્લા, ભટાર રોડ, સુરત

મારી મારફત :
ઉષ્મા પટેલ (એડવોકેટ)

-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટના મોજે **સચીન**ના રે. સર્વે નં. **૫૦૩, ૫૦૪, ૫૦૫**, જેનો બ્લોક નં. **૪૨૩** થી નોંધાયેલી બીનખેતીની જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.: ૪૦** વાળી મીલકત, જેનું ક્ષેત્રફળ **૫૨.૫૫ ચો.મી.** છે તે ખુલ્લા પ્લોટવાળી જમીન **સરફરાજ અહમદ સઈદભાઈ શેખ**ની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલ તથા **પ્લોટ નં.: ૪૧** વાળી મીલકત, જેનું ક્ષેત્રફળ **૫૨.૫૫ ચો.મી.** છે તે ખુલ્લા પ્લોટવાળી જમીન **સૈયદ ફીરોજ ફકીર**ની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી તેમજ સદરહુ જમીન કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થામાં ગીરો કે મોર્ગેજમાં મુકેલ નથી કે સદરહુ જમીન ઉપર કોઈ લીયન કે કરજ ઉભુ કરેલ નથી કે આજદિન સુધી સદરહુ જમીન કોર્ટ કોર્ટની જપ્તી, ટાંચ કે મનાઈમાં નથી કે તે અંગે કોઈપણ નોટીસ બજેલ નથી કે મજકુર જમીન દીવાની કે રેવન્યુ અદાલતના કોઈ પ્રકરણમાં સંડોવાયેલી નથી કે તે કોઈ કોર્ટ કચેરીના પ્રકરણમાં દાવાનો વિષય નથી કે સદરહુ જમીન અંગે કોઈપણ વ્યકિત, સંસ્થાને સાટાખત, વીલ, બક્ષીસ કે એવા કોઈપણ પ્રકારના વેચાણને લગતાં લખાણો આજદીન સુધી કરી આપેલ નથી. ટુંકમા સદરહુ જમીન સંપુર્ણ ટાઈટલ કલીયર છે તેવુ જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે તેમ છતાં સદરહુ જમીન ઉપર કોઈપણ બેંક, સંસ્થા, વ્યકિત, વારસદારો યા હરકોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, બોજો, દરદાવો, સાટાખત, બાનાખત હોય તો તેમણે **દિન-૭** માં હમોને લેખિત પુરાવા સહિત રૂબરૂ મળવુ. મુદત વિત્યે કોઈના કોઈપણ જાતના હકકો નથી અને જો હોય તો તે છોડી દીધા યાને વેવ કરેલ છે તેમ ગણી અમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજીસ્ટ્રેયાણ દસ્તાવેજ/લખાણ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળઃ સુરત, તા.૨૦/૦૭/૨૦૨૬
ઓફીસ : ૪૨૧/એ, સ્કવેર વન કોમર્શીયલ, અલથાણ ભીમરાડ કેનાલ રોડ, અલથાણ, સુરત. મો.૯૯૦૯૮ ૯૬૯૭૦ / ૭૭૨૭૩ ૮૬૬૮૭

સની એ. કદમ
મહેશ આર. મોરે
તે ખરીદનારના એડવોકેટસ

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, તાલુકા ઓલપાડ મોજે **ગામ : અટોદરા** ના **બ્લોક નંબર : ૩૧૭/૪** વાળી બિનખેતી પ્રિમીયમને પાત્ર ખેતીની જુની શરતની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૩૯-૦૦ચો.મી. યાને ૩૯૦૦.૦૦ચો.મી. છે. જેનો આકાર રૂા. ૬-૦૪ પૈ. વાળી જમીનના માલીકો/કબજેદારો **(૧) વિજયાબેન તે કનૈયાલાલ બાવજીભાઈ પરમારની વિધવા તથા (૨) તેજશ કનૈયાલાલ પરમાર ચાલી આવેલા છે.** મજકુર માલીકોએ બોજારહિત સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ સદરહુ જમીન અંગે યા તેના કોઈ પણ ભાગ, હિસ્સા અંગે કોઈ પણ વ્યકિતના કોઈ પણ પ્રકારના હકક, હીત, હીસ્સા, દરદાવો, લાગભાગ હોય યા કોઈ પણ સંસ્થા કે બેંકના બોજા હોય તો તેઓએ તે અંગેના લેખીત પુરાવા સહિત અમોને **દિન-૦૭** માં જાણ કરવી. સદર મુદ્દત દરમ્યાન કોઈના કોઈ પણ પ્રકારના હકક, હીત, હીસ્સા વાંધા વિરોધ નોંધાવવામાં ન આવે તો મુદ્દત વિત્યા બાદ સદર જમીન સંદર્ભે કોઈના કોઈ પણ પ્રકારના વાંધા વિરોધ ચાલી આવેલ નથી અને જો હોય તો તે જતા કરેલ છે, તેવું માની અમારા અસીલ મજકુર માલીકો કનૈયા સદરહુ જમીનનો રજીસ્ટર્ડ પાકા વેચાણ દસ્તાવેજો/લખાણો કરી કરાવી લેશે, તેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૧/૦૭/૨૦૨૬
ઓ. સાંઈ દૃષ્ટિ બીલ્ડીંગ, ૧૦૧, પ્રથમ માળ, બમનજીની શેરી, સુરતી મોઢવણીકની વાડી પાસે, રૂધનાથપુરા, સુરત.

કનૈયાકુમાર એમ. ગ્લાસવાલા
જુગલ વિનોદચંદ્ર ગ્લાસવાલા
એડવોકેટસ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોર્યાસી મોજે ગામ **પુણા** રે.સ.નં. ૫૦૫ **બ્લોક નં. ૫૩૪**થી નોંધાયેલ જમીનમાં **"અયોધ્યાનગર સોસાયટી વિભાગ-એ"** ના **પ્લોટ નં. એ/૧૫૩** જેનું ક્ષે.૧૮X૩૫ ફુટ યાને ૬૩૦ ચો.ફુટ યાને ૭૦.૦૭ ચો.વાર યાને ૫૮.૫૯ ચો.મી છે તે મિલકત **ના માલીક કમલેશભાઈ રમેશભાઈ નાડા,** ના નામે રેવન્યુ રેકર્ડ દફતરે આજદિને ચાલે છે. તેઓ સદરહું મિલકતના સ્વતંત્ર અને સંપુર્ણ માલીક, પ્રત્યક્ષ કબજેદાર હોવાનું તથા સદરહું મિલકત ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈલવાળી હોવાનું જણાવી તથા તમામ કાયદાકીય પરવાનગીઓ મેળવી હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું મિલકતમાં કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો કે લીયન હોય કે કોઈ બેન્કનો અથવા અન્ય વ્યકિત કે સંસ્થાનો ગીરો હોઈ તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭(સાત)** માં તે બાબતના **પુરાવા સહિત** અમોને નીચેના સરનામે લેખીત જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો અમારા અસીલ સદરહું જ મિલકતમાં કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો નથી અને જો હોય તો તે આથી જતા કર્યા છે એમ માનીને સદરહું મિલકતનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત મિલકત માલીક પાસેથી કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી લાગતાં-વળગતાં તેમજ જાહેર જનતાએ નોંધ લેવી. (સ્થળ : સુરત તા.૨૦-૦૭-૨૦૨૬)

સરનામું : ૩૫૬, અભીષેક આર્કેટ, ચીકુવાડી-ધનલક્ષ્મી રોડ, અનુપમ આર્કેટની પાછળ, યોગી ચોક, સુરત. મો.૯૦૮૧૫ ૩૩૮૬૮

વિશાલ એમ. તળાવીયા
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ ના મોજે ગામ-**પાલી** ના **સ.નં.૫૮/૧, બ્લોક નં